અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli/69/12-14 Validup to 31/12/14

सत्यमेव जयते
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૩૦-૮-૨૦૧૪ શનિવાર

અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૬૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૦ ભાદરવા સુદ ૫ વર્ષ : ૧૯ અંક ૧૨

અમરેલી જિલ્લામાં ખાતર માટે વલખતા ખેડુતોની હાલત હજુયે ખરાબ : કોઇ નક્કર પગલા જ નથી લેવાયા

અમરેલી જિલ્લામાં પોલીસ પહેરા હેઠળ ખાતરનું વિતરણ

સરકારી તંત્રની ભુલને કારણે ૫૦ હજાર ટન ખાતર કપાઇ ગયું

જયાં જયાં ખાતર ઉતરે ત્યાં ત્યાં ફરજીયાત પોલીસ પહેરો ગોઠવવો પડે છે : જિલ્લામાં ખાતર માટે સૌ પ્રથમ વખત જ ભારે કટોકટી

એક તરફથી ખાતરની ઘટ છે અને બીજી તરફ તેમાય અવ્યવસ્થા થઇ

અમરેલી, ખેતીપ્રધાન અમરેલી જિલ્લામાં સરકારી તંત્રની અંદાજ કાઢવામાં થયેલી ભુલને કારણે જરુરીયાત કરતા ૫૦ હજાર ટન ખાતર કપાઈ જતા એક તરફથી ખાતરમાં ઘટ અને બીજી તરફ ખાતર ઉપાડી તેનું વિતરણ કરવાની વ્યવસ્થા સરખી ન થતા હાલમાં પોલીસ પહેરા હેઠળ ખાતરનું

(અનુસંધાન પાનાનં.૭)

ધારી ગીર કાંઠાના ચાંચઇ અને પાણીયામાં મુસળધાર વરસાદ

શેત્રુંજી નદીમાં મીઠાપુર નક્કી સુધી પુર આવ્યુ : જળબંબાકાર

ધારી,ધારી તાલુકાના ગીર કાંઠાના ચાંચઇ પાણીયામાં મુસળધાર વરસાદ પડવાના કારણે શેત્રુંજી નદીમાં મીઠાપુર નક્કી સુધી પુર આવ્યુ હતુ. સારો વરસાદ પડવાના કારણે મુરજાતી મોલતને જીવન દાન

(અનુસંધાન પાનાનં.૭)

ભાવી ભરથારને યુવતિની સાથે લફરૂ હોવાની જાણ થતા મંગેતરનો આપઘાત

બાબરાનો બનાવ : યુવતિએ ગળાફાંસો ખાઇ જીવ દીધો

અમરેલી

બાબરામાં રહેતી એક યુવતિએ જેની સાથે સગપણ થયેલ તે યુવાનને અન્ય યુવતિ સાથે પ્રેમસંબંધ હોવાની જાણ થતા લાગી આવતા ગળાફાંસો ખાઈ

(અનુસંધાન પાનાનં.૭)

દામનગરના નારાયણનગરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

જુગારનાં થી રૂા.૫૧૫૦ની રોકડ જપ્ત

અમરેલી,દામનગરના નારાયણ નગરમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર દામનગર નારાયણ નગરમાં જાહેરમાં જુગાર રમતા હસન રહેમાન રે.નારાયણ નગર ભરત રણછોડ લાખા ટપુ મનુ રામ કાનજી બચુને રૂા.૫૧૫૦ની રોકડ સાહિત્ય સાથે હે.કોન્સ પી.આર.દેસાણીએ ઝડપી લઈ ગુનો નોંધેલ છે

સૌરાષ્ટ્રની દક્ષિણ રેન્જમાં બદીઓ સામે ડીઆઇજીની લાલ આંખ

જુનાગઢ રેન્જના છ જિલ્લાઓમાં આજથી કડક અમલવારી : દારૂ-જુગાર ઉપર તુટી પડવાનો આદેશ કરાવતા શ્રી બ્રીજેશકુમાર ઝા

જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, પોરબંદર અને બોટાદ જિલ્લામાં દારૂ અને જુગાર સામે કડક કાર્યવાહીનો નિર્દેશ

અમરેલી, સૌરાષ્ટ્રની દક્ષિણ રેન્જના નવા નિમાયેલા ડીઆઈજી શ્રી બ્રીજેશકુમાર ઝા એ દક્ષિણ રેન્જ હેઠળ આવતા છ જિલ્લામાં દારૂ અને જુગારની બદી સામે કડક હાથે પગલા લેવાની સૂચના પોલીસ તંત્રને આપી હોવાનુ જાણવા મળેલ છે. પ્રામાણિક અધિકારી તરીકેની છાપ ધરાવતા શ્રી બ્રીજેશકુમાર ઝાએ જુનાગઢ,અમરેલી,ભાવનગર, પોરબંદર, ગીરસોમનાથ અને બોટાદ જિલ્લામાં દારૂ જુગાર જો ચાલતા હોય તો બંધ કરાવવા અને કડક હાથે કામ લેવાનો આદેશ કરેલ હોવાનુ જાણવા મળેલ છે.

લાઠીના દુધાળાની મહિલાએ એસીડ પીધું

અમરેલી,લાઠીના દુધાળામાં રહેતી જાગૃતિબેન ભરતભાઈ દેવાભાઈ કોળી ઉ.વ.૨૧ નામની પરિણીતાને બે માસનો ગર્ભ હોય મગજની જુની તકલીફ ના કારણે બેચેન રહેતા અને તે કારણે એસીડી પી જતા તેને સારવારમાં લાઠી દવાખાને ખસેડાયેલ છે.

ખાંભાના જુના માલકનેશ ગામની સીમમાં છુપાવેલ ઇંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

પોલીસની રેડ પડતા વાડી માલિક સહીત બે શખ્સો ફરાર : દારૂ બાઇક કબજે લેવાયા

અમરેલી,

ખાંભાના જુના માલકનેશની સીમમાં પોલીસે રેડ પાડી વાડીમાં છુપાવેલ ઈંગ્લીશ દારૂ પેટી નંગ-૧૧ બાઈક મળી કુલ રૂા.૫૪૦૦૦નો જથ્થો કબજે બે શખ્સો સામે ગુનો નોંધેલ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર ડેડાણ આઉટ પોસ્ટના

(અનુસંધાન પાનાનં.૭)

ધારીના સેમરડીમાં મેટીંગ દરમિયાન સિંહણ ઘાયલ

સારવાર કરી જંગલમાં છોડી દીધી

ધારી,ધારીના સેમરડી જંગલમાં એક સિંહણ મેટીંગ દરમિયાન ઘાયલ થતા ડી.એફ.ઓ. શ્રી અંશુમન શર્માને જાણ થતા તેમની સુચનાથી આર.એફ.ઓ. એ.વી. ઠાકર , ફોરેસ્ટર પી.યુ. ખુમાણ. વેટરનરી ડો. હિતેશ વામજાએ આ સિંહણને પકડી જંગલમાં જરૂરી સારવાર કરી છોડી મુકેલ છે. આ કામગીરીમાં રેસ્કયુટીમના શેર મામદ બ્લોચ, સમીરબાપુ દેવમુરારી, અલ્તાફ બ્લોચ, જે.ડી. બાયલ, અમીન, હિતેશ ઠાકર સહીતે ફરજ બજવી હતી.

સરકાર ભલે ગમે તેટલા રોજગારી આપવા પ્રયાસો કરે

રાજુલાના મોટા આગરિયા ગામે મનરેગાના ૧૭૫ શ્રમિકોને મજુરીના નાણા જ નથી ચૂકવાયા !

રાજુલા તાલુકા પંચાયતે નાણા પોસ્ટને મોકલી આપ્યા પણ કોઇ કારણે પોસ્ટ વિભાગે ગરીબ શ્રમિકોને નાણા ન ચુકવતા મુશ્કેલી : મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને ધારીમાં રજુઆત કરાશે

મોટા આગરિયા, (હાથીભાઇ ખુમાણ)

સરકાર દ્વારા ગરીબોને રોજગારી આપવા માટે અમલમાં મુકાયેલી યોજના મનરેગામાં રાજુલાના મોટા આગરિયા ગામે ૧૭૫ જેટલા શ્રમિકોને રોજગારીની રકમ ન મળતા ગરીબ શ્રમિકો મુશ્કલીમાં મુકાયા છે.

મોટા આગરિયાના શ્રમિકોએ ચેકડેમ ઉંડો ઉતારવાની મજુરી કર્યા બાદ તેના નાણા ચુકવાયા નથી અને રાજુલા તાલુકા પંચાયતે તપાસ કરાવતા એવુ ખુલ્યું હતુ કે તાલુકા પંચાયતે નાણા પોસ્ટ વિભાગને મોકલી આપ્યા છે પણ તેમ છતાયે નાણા શ્રમિકોના ખાતામાં જણા ન થતા ગરીબો મુશ્કેલીમાં મુકાયા છે.

કુંડલાના મહુવા રોડે મસાલાના કારખાનામાં તસ્કરો ત્રાટકયા

રોકડ ૮૨૦૦, બે મોબાઇલ મળી કુલ રૂા. ૨૭૨૦૦ની ચોરી : લુંટ કરવાની કોશીષ

અમરેલી,

સાવરકુંડલાના મહુવા રોડ ઉપર આવેલ એક મસાલાના

(અનુસંધાન પાનાનં.૭)

વડીયાના મોટી કુંકાવાવમાં જાહેરમાં જુગાર રમતા નવ જુગારીઓ ઝડપાયા

પોલીસે જુગારની જામેલી બાજી ઉંધી વાળી રોકડ રૂા.૪૧૮૦ જપ્ત કરી

અમરેલી

વડીયાનાં મોટી કુંકાવાવમાં જાહેરમાં જુગાર રમતા નવ ખેલંદાઓને

(અનુસંધાન પાનાનં.૭)

રાજુલામાં ગૌશાળાના મેનેજરે કિશોરી ઉપર બળાત્કાર ગુજાર્યો : સર્વત્ર ફીટકાર

ગૌશાળામાં કામ કરતા શ્રમિક પરિવારની કિશોરીને ધમકી આપી બળાત્કાર ગુજાર્યો : આરોપીની ધરપકડ

રાજુલા

રાજુલાની ભગવાનદાસ ગોકળદાસ ગૌ શાળામાં ગાયોની સેવા ચાકરી વ્યવસ્થા સંભાળતા શ્રમીક પરિવારની કિશોરીની ગરીબીનો લાભ લઈ ગૌ શાળાનાં મેનેજરે ધાક ધમકી આપી બળાત્કાર ગુજારતા રાજુલામાં સર્વત્ર મેનેજર ઉપર ફીટકાર વરસી રહયો છે

રાજુલામાં મુંબઈ સંચાલીત ભગવાનદાસ ગોકળદાસ ગૌ શાળામાં દુજણી ગાયો લુલી લંગડી રખડતી ભટકતી ગાયોને રાખી ગાયોની દેખરેક ઘાસચારો ગાયો દોહી દુધ રેચતા છગનભાઈ જીજાળા આહિર રે.મુળ નાના આસરાણા હાલ સાંઈબાબા મંદિર પાસે રાજુલાની સગીર વયની દિકરીને ગત રાત્રીના ગૌ શાળાના મેનેજર

(અનુસંધાન પાનાનં.૭)

એક તબક્કે સૌ વિચારમાં પડી ગયા....

આતો મારી દિકરી જેવી છે તેવુ કહેનારો મનસુખ ૧૪ વર્ષની બાળા ઉપર બળાત્કાર ગુજારનારો નિકળ્યો

યુવાનો અને પોલીસની સાચી તપાસના અંતે સત્ય સામે આવી ગયું

અમરેલી, રાજુલામાં ગતરાત્રીના થયેલી પોલીસ અને જનતાની સંયુકત રેડ દરમિયાન એક જ રૂમમાંથી મળી આવેલ ગૌશાળાનો મેનેજર મનસુખ જીરન જોષી એમ કહી રહયો હતો કે આ તો મારી દીકરી છે અને તેમ માની અને સાથે રાખતો હોવાનુ જણાવેલ હતુ આથી પ્રારંભીક તબક્કે સૌ અચકાયા હતા પણ એ ૧૪ વર્ષની બાળાની પુછપરછમાં આ શેતાન નો ભાંડો ફુટી ગયો હતો અને તેણે બાળાના પરિવારને નોકરીમાંથી કાઢી મુકાવાની ધમકી આપી હોવાનુ ખુલવા પામ્યું હતુ.

અમરેલી ખાટકીવાડમાંથી મટન ઝડપાયું

પોલીસે મટનનો જથ્થો કબજે લઇ ગુનો નોંધ્યો : ખાટકી શખ્સ ફરાર

અમરેલી,અમરેલી સીટી પી.એસ.આઈ.શ્રી કે.આર. પરમાર તથા સ્ટાફે અમરેલી ખાટકીવાડમાં અવેશ કરીમ ભટ્ટીનાં રહેણાંક મકાનમાંથી મટન ૩૦ કિલોગ્રામ કિ.રૂા.૨૧૦૦નો જથ્થો જપ્ત કરી રેઈડ દરમિયાન નાસી જનાર અવેશ ભટ્ટી સામે ગુનો નોધેલ છે.

દુઃખદ અવસાન/બેસણું

સ્વ. ધીરૂભાઇ ભુરાભાઇ પાંચાણી
સ્વ. તા. ૨૮-૮-૧૪ (ઉ.વ.૪૭)
મુ. સનાળીયા તા. લીલીયા

અમારા સ્વજન સ્વ. ધીરૂભાઈ ભુરાભાઈ પાંચાણી ઉ.વ.૪૭ નું તા. ૨૮-૮-૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

સદગતનું બેસણું

તા.૩૦-૮-૧૪ને શનિવારે અમારા નિવાસ સ્થાને સવારે ૮ થી સાંજ સુધી રાખેલ છે.

લી.
ભુરાભાઇ જાદવભાઇ પાંચાણી
વશરામભાઇ જાદવભાઇ પાંચામી
વિજયભાઇ ધીરૂભાઇ પાંચાણી
પાંચાણી પરિવારના જયશ્રી કૃષ્ણ
મુ. સનાળીયા તા. લીલીયા

તુમ અગર મુજકો ના ચાહો તો કોઇ બાત નહી પર અગર કીસી ઓર કો ચાહોગી તો મુશ્કીલ હોગી...

ચલાલાની ઘાતકી હત્યાનો ભેદ ખોલતી ક્રાઇમ બ્રાંચ

ગણત્રીના કલાકોમાં જ ભેદ ખોલનાર ક્રાઇમ બ્રાંચના શ્રી વિરાણીને અભિનંદન પાઠવતા લોકો

ચલાલાના જ યુવાને પોતાની પ્રેયસી વૈશાલીને સીમમાંથી નેરામાં બોલાવી લગ્નનો પ્રસ્તાવ મુકયો ઇન્કાર કરતા ચાર ઘા મારી ખૂન કરી નાખ્યું

હત્યાની જાણ ચલાલાના એક આગેવાનને હોવાનું પણ ખુલ્યું

અમરેલી, ચલાલાની સીમમાં ગઈકાલે સાંજે થયેલી વૈશાલી નામની યુવતીની ક્રુર હત્યા થયા બાદ અમરેલીની લોકલ ક્રાઈમ બ્રાંચના શ્રી રાઘેશ્યામ વિરાણીની ટીમે ગણત્રીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી અને ચલાલાના શખ્સની અટક કરી છે. જાણવા મળતી વિગતો અનુસાર ચલાલાના મફતપરામાં રહેતી વૈશાલી સવજીભાઈ દાફડા નામની ૧૯ વર્ષની યુવતી પોતાના ભાઈ સાથે સીમમાં કામે ગયા બાદ તેની કોઈએ છરીના ઘા ઝીકી હત્યા કરી નાખી હોવાનુ બહાર આવતા એસ.પી. શ્રી મકરંદ ચૌહાણની સુચનાને પગલે આ અનડીટેકટ બનાવનો ભેદ ઉકેલવા માટે ઈન્ચાર્જ પી.આઈ. શ્રી રાઘેશ્યામ વિરાણી તથા સ્ટાફના શ્રી અરજણભાઈ મહેતા , અરવિંદભાઈ કવાડીયા, અબ્દુલભાઈ સમા, પંકજભાઈ અમરેલીયા, વિક્રમભાઈ આહિર, અશ્વિનસિંહ જાડેજા, અશોકસિંહ ,સુભાષભાઈ ઘોઘારી, વિજયભાઈ, મયુરભાઈ ગોહિલ, લલીતભાઈ ,દશુભા, જાહીદભાઈ તથા નુરભાઈ અને દિલાભાઈ,યુવરાજસિંહની ટીમ કામે લાગી હતી અને જિલ્લા પોલીસ દળના બાહોશ કર્મચારી શ્રી કે.શી. રેવરની પણ વિશેષ મદદ લેવાય હતી.

પોલીસની તપાસમાં એવુ ખુલવા પામ્યુ હતુ કે મરનાર વૈશાલીને મફતપરામાં જ રહેતા અને કડીયા કામ કરતા નરેશ બચુ માઘડ વચ્ચે સબંધ હતો અને તેની જાણ તાજેતરમાં જ થતા મોટો હોબાળો થયો હતો.દરમિયાન ગુરૂવારે વૈશાલી તેના ભાઈ સાથે મજુરી કામે ગઈ હતી ત્યારે ફોન આવતા નેરા તરફ ગઈ હતી.તેને ફોન કરી નરેશે બોલાવી હતી અને તુ મારી સાથે લગ્ન કર તેવો નરેશે પ્રસ્તાવ મુકતા વૈશાલીએ લગ્ન કારવાનો ઈન્કાર કર્યો હતો તારા કારણે મે ગામ મુકયું અને તુ હવે મારી સાથે લગ્ન ન કર તે કેમ ચાલે કહી ઉશ્કેરાયેલા નરેશે પોતાની પાસેથી છરીના પેટમાં અને પડખામાં ચાર ઘા મારી દીધા હતા. ત્યાર બાદ આવેશ ઓશરતા બનાવની ગંભીરતા સમજાતા નરેશ ભાગી છુટયો હતો. અને બીજી તરફ ક્રાઈમ બ્રાંચે ગઈકાલથી રાત્રીના સતત તેનો પગેરૂ દબાવતા આજે રાત્રીના તે હાથોમાં સપડાઈ ગયો હતો અને પુછપરછમાં તેણે આ હત્યા કબુલી લીધી હતી.

આ હત્યાના બનાવની જાણ ચલાલાના વૈશાલીના સમાજના જ એક આગેવાનને હતી પણ તેણે ૨૪ કલાક થવા છતા પણ પોલીસને આ બનાવ અંગે કોઈ જાણ કરેલ ન હોય પોલીસ પણ આ આગેવાનને અને તેની ભુમિકાને ચકાસવાનું હોવાનું જાણવા મળેલ છે.

બાબરામાં ગણેશ મહોત્સવનો વાજતે ગાજતે પ્રારંભ

વિવિધ સ્થળોએ ગણેશજીની મૂર્તિનુ વિધીવત સ્થાપન

બાબરા,બાબરામાં ગણેશ ચતુર્થીના દિવસથી ગણેશ મહોત્સવ નો પ્રારંભ થયો છે નવ દિવસ માટે ગજાનંદ મહારાજની વાજતે ગાજતે સ્થાપના કરવામાં આવી છે બાબરામાં ૧૫ થી વધુ જગ્યાએ ગણેશ મહોત્સવનો પ્રારંભ થયો છેદરરોજ ગણેશજીનું પુજન અર્ચન મહાઆરતી મહાપ્રસાદ સાસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અહીના ઉમિયા નગર ખાખરીયાચોરા વિસ્તાર બજરંગ યુવક મંડળ નવચેતના યુવક મંડળ દ્વારા આજે સવારે ધામધુમપુર્વક ઢોલ નગારા બેન્ડવાજા સાથે ગણેશજી સ્થાપના કરવામાં આવેલ આયોજક દ્વારા ગણપતિ બાપાની મુર્તિનો તેમજ ગણપતિચોકની સજાવડ કરવામાં આવી છે

ફ્રેન્ડઝ ગૃપ દ્વારા

સાવરકુંડલામાં આજે મુકેશજીની પૂણ્ય તિથીએ શ્રધ્ધાંજલી કાર્યક્રમનું આયોજન

સાવરકુંડલા,

મહાનગાયક સ્વ. મુકેશજીની પુણ્ય તિથી નિમિતે સાવરકુંડલા ફ્રેન્ડઝ ગૃપ દ્વારા જીના ઈસકે નામ હે નો શ્રધ્ધાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.સાવરકુંડલાના મણીભાઈ ચોક પરજીયા સોની જ્ઞાતિવાડી ખાતે આજે તા. ૩૦/ ૮/૧૪ ને શનિવારે રાત્રીના ૯ કલાકે સ્વર સુરનો બે તાજ બાદશાદ થઈ ગયેલા અમર ગાયક સ્વ. મુકેશજીની પુણ્યતિથી નિમિતે ફ્રેન્ડઝ ગૃપ - જાનમહમદભાઈ ઝાખરા ગૃપ તથા હેરીરેજ ગૃપના સહયોગથી જીના ઈસીકાનામ હે નો શ્રધ્ધાંજલી કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સાવરકુંડલામાં પ્રથમવાર વિશાળ પડદા પર ચલચિત્ર સાથે હાઈફાઈ ડીજીટલ સાઉન્ડ એન્ડ લાઈટ - ટેકશો સ્વર સ્વ. મુકેશનાં સ્વરો ની આબેહુબ જ ગાયકી કરતા હૈદરાબાદના ગાયક સુનિલ પંજવાણી સાથે આશાભોંસલેના સ્વરોની તાજી યાદ નીલમ પંજવાણી કરાવશે. સ્વ. મુકેશજીને શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં ડો. જે.બી. વડેરા, ડો. રાજેન્દ્ર રાવલ, મુકુંદભાઈ નાગ્રેચા જેવા સહયોગી બનીને કાયર્ક્રમમાં ચાર ચાંદ લગાવવા જાનમહંમદભાઈ ઝાખરા સાથે કમર કસેલ છે.

સાંસદશ્રી કાછડીયાના વરદ હસ્તે

જુના ઝાંઝરીયામાં સાંસ્કૃતિક હોલનું લોકાર્પણ

અમરેલી,

ગત તા. ૨૮મી ના રોજ બગસરા તાલુકાના જુના ઝાંઝરીયા ગામે અમરેલી સાંસદશ્રી નારણભાઈ કાછડીયાના વરદ્ હસ્તે સંસદસભ્યશ્રીની ગ્રાંટ માંથી તૈયાર થયેલ સાંસ્કૃતિક હોલનું લોકાપર્ણ તથા રાજીવ ગાંધી ભવન અને પુરસંરક્ષણ દિવાલન ખાતમુહુર્ત કરવામાં આવેલ હતુ.આ કાર્યક્રમને જુનાગઢ મહાનગર પાલીકા મેયરશ્રી જીતુભાઈ હિરપરા, ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉંઘાડ, પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડો. ભરતભાઈ કાનાબાર, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી મનસુખભાઈ ભુવા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ અને સરપંચ શ્રી વિપુલભાઈ કયાડા, શ્રી પ્રાગજીભાઈ હિરપરા, શ્રી હંસરાજભાઈ રૈયાણી, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ધીરૂભાઈ માયાણી, જિલ્લા પંચાયત સભ્યશ્રી મનોજભાઈ મહીડા અને વિજયભાઈ ડોબરીયા, માર્કેટીંગાર્ડ ચેરમેનશ્રી કાંતિભાઈ સતાસિયા, પ્રદેશ યુવા ભાજપ મહામંત્રી શ્રી હિરેનભાઈ હિરપરા, જિલ્લા યુવા ભાજપ મહામંત્રી દિપકભાઈ વઘાસીયા, તાલુકા ભાજપ મહામંત્રી શ્રી ભરતભાઈ ગઢીયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભાવનાબેન પાટડીયા, શ્રી મનુભાઈ પાટડીયા, શ્રી હરેશભાઈ રગાડીયા, શ્રી નરેશભાઈ ભુવા, શ્રી રાજુભાઈ ગીડા, શ્રી રમેશભાઈ સતાસીયા, શ્રી મનસુખભાઈ ગેડીયા, શ્રી ખીમદાસભાઈ સોલંકી, શ્રી હરેશભાઈ પટોળીયા, શ્રી પ્રવિણભાઈ બોરડ, શ્રી ઘનશ્યામભાઈ સાદરાણી, શ્રી હકાભાઈ પરમાર, સમગ્ર તાલુકા યુવા ભાજપ પરિવાર તથા સ્થાનિક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનારના વેલણ ગામના ખારામાંથી આર.આર.સેલે ૯૦૦ બોટલ દારૂ પકડયો

ડીઆઈજી શ્રી બ્રીજેશકુમાર ઝાની સૂચનાને પગલે ત્રાટકેલ આર.આર.સેલને મળેલ સફળતા

અમરેલી,કોડીનારના વેલણ ગામના ખારામાંથી જુનાગઢ આર.આર. સેલ દ્વારા ૯૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ પકડી પાડવામાં આવ્યો હતો.જાણવા મળતી વિગતો અનુસાર ૧૮૦ એમએલની સાઈઝની ૯૦૦ બોટલ દારૂને જુનાગઢ આર.આર. સેલના શ્રી ભરત રબારી, શ્રી જેએમ ભટ્ટ, શ્રી વિડી ગોહિલ, શ્રી કૃણાલ મોઢવાડીયાએ પકડી પાડી અને દારૂના ધંધાર્થીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જશાધાર રેવન્યુ વિસ્તારની વાડીમાં અજગર જોવા મળ્યો

વનવિભાગની રેસ્કયુટીમે અજગરને પકડી જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો

ધારી,ધારી ગીર પુર્વ જસાધાર રેન્જના એક વાડી વિસ્તારમાં ૧૨ - ફુટલાંબો અજગર દેખાતા વાડીમાં કામ કરતા લોકોમાં ભય ફેલાયો હતો.આ અંગે વનવિભાગને જાણ થતા જસાધારના આર.એફ.ઓ. બી.ટી.આયરની સુચનાથી રેસ્કયુ ટીમના પ્રતાપભાઈ ખુમાણ, માનસીહ પરમાર, ધીરૂભાઈ ખુમાણ સહિતે અજગરને પકડી પાડી વિસ્તારમાં મુક્ત કર્યાનુ હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

ચાંદગઢમાં રસ્તા રીપેર કરાવો

ચાંદગઢ, ચાંદગઢમાં વરસાદને કારણે રસ્તા બિસ્માર બન્યા છે. ગાબડા પડયા છે. તે રીપેર કરવા આગેવાનશ્રી રાણીંગભાઈ ઘાધલ લેખીત રજુઆત કરી છે.ચાંદગઢ આજુબાજુના ગામોમાં પણ રસ્તાની સ્થિતી ખુબજ ખરાબ છે. તે પણ સુધારા માંગ કર્યાનું રાણીંગભાઈએ જણાવ્યુ છે.

જાફરાબાદની અલ્ટ્રાટેક કુંના ટાઉન શીપમાં ગણેશ સ્થાપના

ટાઉન શીપમાં અધિકારીઓ દ્વારા પૂજા - આરતિ

રાજુલા,જાફરાબાદની અલ્ટ્રાટેક કુંના ટાઉન શીપમાં ગણેશ સ્થાપના અને પૂજા આરતિ કાર્યક્રમમાં યુનિટ હેડ સંજય પોદાર, જી.આર.કપુર, ઉષા કપુર, નરેશ માયા, વિનોદ રાજયગુરૂ, દિનાક જોષી, કે.પી. મારે ઉપસ્થિત રહ્યા હતા. પુનમ પોદાર, વિમલા રામ, ભારથી માવાએ પૂજાનો લાભ તેમજ આરતિમાં લાભ માણ્યો હતો. ગણપતિ દાદાની સુંદર કલાત્મક મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે.

અમરેલીમાં આજે જિલ્લા કક્ષાનો ગણિત મહોત્સવ ઉજવાશે

વિદ્યાર્થીઓ ગણિત ની વિવિધ કૃતિઓ રજુ કરશે : શિક્ષણ ક્ષેત્રના તર્જજ્ઞોની ઉપસ્થિતિ

બગસરા,અમરેલી જિલ્લા રામાનુજન મેથ્સ કલબ દ્વારા શનિવાર ના રોજ જિલ્લા કક્ષાના ગણિત મહોત્સવનું આયોજન અમરેલી ખાતે કરેલ છે. જેમાં સમગ્ર જિલ્લાના વિદ્યાર્થીઓ ગણિત વિશેની પોતાની કૃતિઓ તથા સંશોધનો રજુ કરશે.વિગત અનુસાર ઓલ ઈન્ડિયા રામાનુજ મેથ્સ કલબ દ્વારા વિદ્યાર્થીઓને ગણિત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે ગણિત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષ અમરેલી જિલ્લા ગણિત મહોત્સવનું આયોજન તા. ૩૦ ને શનિવારના રોજ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ અમરેલી ખાતે કરવામાં આવેલુ છે. જેમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય મુલવાણી, રામાનુજન મેથ્સ કલબના રાષ્ટ્રીય ચેરમેન ચંદ્રમૌલી જોષી, ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે તેમજ જિલ્લા શિક્ષણધિકારી ડી.એન.ત્રિવેદી, જિલ્લા પ્રા.શિ.અધિકારી પટેલ, અતુલભાઈ જોષી, મુકુંદભાઈ મહેતા વિગેરે ઉપસ્થિત રહી બાળકોને ગણિતના ખ્યાલો સ્પષ્ટ કરવા પ્રયત્ન કરશે. આ જિલ્લા કક્ષાના ગણિત મહોત્સવનો લાભ લેવા માટે જિલ્લા અધ્યક્ષ વિપુલભાઈ દવે તથા મંત્રી ભાવેશભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવાયુ છે.

જુનાગઢ ભીડભંજન મહાદેવ મંદીરે ગણપતી ઉત્સવ

જુનાગઢ,જુનાગઢ જવાહર રોડ સ્વીત ભીડભંજન મહાદેવ મંદીરમાં બાળ યુવક મંડળ દ્વારા ગણપતી મહોત્સવનો રંગચંગે પ્રારંભ મંદીર પરિષરમાં ગણપતીની સ્થાપના કરી પુજય અર્ચન કરી રહેલા મહંત તનસુખગીરી બાપુ સાથે મેયર જીતુભાઈ હિરપરા યોગી પઢીયા વગેરે આગેવાનો ગણપતી બાપાના દર્શન કરી રહેલા નજરે પડે છે.

વાહ કયા સીન હૈ

શ્રેયા

ઈગોરાળાના વિનુભાઈ હરસોરા અને સંગીતાબેનની લાડલી દાદીમાં અંબાબેન દાદા છગનભાઈ ભાઈ હિમાંશુની વ્હાલી શ્રેયાનો અસજે બર્થડે છે

શ્રી ખોડલ ટ્રુર્સ
ન્યુ બ્રાન્ડ - અર્ટીગા, ઝાયલો, ઈનોવા, સ્કોર્પીયો, ટાવેરા વગેરે ગાડીઓ ભાડેથી મળશે.
જયંતીભાઈ બાંભરોલીયા
મો. ૯૯૭૮૭ ૮૪૧૧૪/ ૯૭૨૭૭ ૯૯૨૯૯
એફ.૫૯ જીલ્લા પંચાયત રોડ, સરદાર શોપીંગ સેન્ટર અમરેલી.

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

ધમાકેદાર કોમ્બો ઓફર
LED + DVD + Home Theater + D2H
વીડીયોકોન કીટ ફ્રી મેળવો
ફકત રૂા. ૯,૯૯૯ / + ૨૯૦માં
(લીમીટેડ સ્ટોક)
મેહુલ સેલ્સ એન્ડ સર્વિસ
બાબરા, ફોન. ૦૨૭૯૧ - ૨૩૪૦૪૦
મો. ૯૯૨૫૯ ૩૩૩૫૯ - ૯૪૨૯૬ ૮૯૧૯૬

"ભુકંપ" હવે સૌ પ્રથમ અમરેલીમાં
૬૦ ફોટાનો ગયો જમાનો, ૧૩૨નો આવ્યો જમાનો
ફકત રૂા. ૩૦ માં ૧૩૨ પાસપોર્ટ ફોટા અરજન્ટ
(૬૦ પાસપોર્ટ ફોટા + ૭૨ નાના સ્ટેમ્પ અથવા ૬૪ પાસપોર્ટ ફોટા તે પણ અરજન્ટ લેતા જ જાવ
લગ્ન પ્રસંગના આલ્બમ ક્રિએશન માટે મળો
ફોટોકલબ ડીજીટલ
કોઇપણ સાઇઝનો એક ફોટો બનાવો સાથે તેજ સાઇઝનો ફોટો
ભીડભંજન મંદિર સામે, શ્રધ્ધા કોલ્ડ્રીકસની ઉપર અમરેલી મો. ૯૪૨૯૧ ૩૯૭૫૬

Delight international
પાસપોર્ટ : વિઝા
100% JOB
સિંગાપોર, અમેરીકા મલેસીયા
મહિને ૬૦ હજારથી ૧.૫૦ લાખ સુધી કમાઓ
૫-૭ બીજો માળ સરદાર કોમ્પલેક્ષ જિલ્લા પંચાયત રોડ અમરેલી
અમરેલી - ૭૦૪૧૨૫૨૮૫૫

ડો. ગૌરાંગ આર. માતરીયા
(B.D.S., M.D.S., ENDODONTIST, SPECIALIST IN ROOT CANAL TREATMENT
૦ એક વારમાં દાંતના મૂળીયાનો સડો દૂર કરવા માટેની અત્યાઘુનિક ટેકનોલોજી વડે રૂટકેનાલ ટ્રીટમેન્ટ (RCT) નાં સ્પેશ્યાલીસ્ટ અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયારોડ, અમરેલી ફોન નં. ૨૨૯૫૮૦

તીર્થ યાત્રા પ્રવાસ
ઉપડશે - તા. ૧૬-૧૦-૧૪ - પ્રવાસ દિવસ - ૧૮
મથુરા - હરીદ્વાર - ભાઈબીજ
આયોજક :- પરશોતમભાઈ બી. દવે
(બાબરાવાળા)
મો. ૯૪૨૮૯ ૬૮૬૭૯, ૯૮૨૫૭ ૧૯૩૦૬
ચારધામનું બુકીંગ ચાલુ છે ૫૫ થી ૬૦ દિવસ



જોઇએ છે
યુવક તથા યુવતી જોઈએ છે પગાર :- ૧૫૦૦૦ સાથે
ટારગેટ પુર્ણ કરવાનો છે કામગીરી :- ખાતરનો ઓર્ડર બુકિંગ કરવાનો કામગીરી સમય :- ફકત ૩ (ત્રણ) કલાક
સારી કંપનીના ખાતરનો ઓર્ડર બુકિંગ કરવાનું
નોંધ :- વજન ઘટાડવા માટેની દવા મળશે
ભગીરથ સેલ્સ
નાગરીક બેન્ક પાસે બગસરા મો. ૯૫૭૪૨ ૯૩૮૨૭

સ્વામીનારાયણ યાત્રા
ભાઈબીજ
ગોકુળ મથુરા હરિદ્વાર બદ્રીનારાયણ
દિ. ૨૦
સંજયભાઈ - ૭૩૫૯૨ ૨૪૫૫૭







ચંદુભાઇ સેદાણી-બાબરા

સુવિચાર

કલેશ રહીતનું મન થયુ
તે મોક્ષ અને કલેશ
સાથેનુ મન તે સંસાર

3 અમરેલી સત્યમેવ જયતે તા.૩૦-૮-૨૦૧૪ શનિવાર
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ

કશી મુશ્કેલી આવે તેમ નથી, મન
ડગ્યુ તો મુશ્કેલી વળગે - બસ,
આટલો જ જગતનો નિયમ છે !

અમરેલીમાં ધારાસભ્યશ્રી ધાનાણીનું સન્માન કરાયું

અમરેલી,

તા. ૨૯/૮/૨૦૧૪ ના રોજ અમરેલી સર્કિટ હાઉસ ખાતે અમરેલી મત વિસ્તારના યુવા લોકલાડિલા ધારાસભ્યશ્રી પરેશભાઇ ધાનાણી નું અમરેલી જીલ્લા એન.એસ.યુ.આઇ. દ્વારા સન્માન કરવામાં આવ્યુ ધારાસભ્યશ્રી પરેશભાઇ ધાનાણી અમરેલી તેમજ સમગ્ર દેશનું નેતૃત્વ કરવા યુ.એસ.એ.ની સરકાર દ્વારા આપવામાં આવેલ નિમંત્રણના આધારે યુ.એસ.એ.ના પ્રવાસે હતા ત્યા જેઓએ સફળ નેતૃત્વ કરી અમરેલી સહિત સમગ્ર દેશનું ગૌરવ વધાર્યુ હતુ તે કાર્યને અનુલક્ષી અમરેલી જીલ્લા એન.એસ.યુ.આઇ.એ સન્માન કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા એન.એસ.યુ.આઇ. પ્રમુખ સમીર કુરેશી, નાશીર ટાંક, (સાગર મોર્ટસ) નગરપાલીકા સભ્ય અજીતભાઇ ગોરી, હાર્દિકભાઇ સેંજલીયા, શરદભાઇ ધાનાણી, એન.એસ.યુ.આઇ મહામંત્રી મૌલીક ઉપાધ્યાય, સની ડાબસરા, શરદ મકવાણા, હરી કાબરીયા, મોસીન ભરી, તેમસ મસરાણી, મનિષ ડોડિયા, બીપીન વઘાસીયા, રવિ ચુડાસમા, પ્રહલાદ સોલંકી, જયદિપ સોંડાગર, કેતન મહેતા, તનવીર ચૌહાણ, નિરજ ચાવડા, કેયુર રૈયાણી, અકરમ બ્લોચ, તોસીફ કાદરી, વિવેક કાશમીરા, રુદ્રાક્ષ ગોંસાઇ, અવધ વિસાણી, વિશાલ સરવૈયા, અજય ઠાકોર, ભાવિન ત્રિવેદી, મિતેષ વિસાણી, હેમલ જાદવ, આફિસ કુરેશી, સાબિર સહિત ૧૫૦ કાર્યકરો ઉપસ્થિત રહયા હતા

વંડા હાઇસ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

પીપીએસ હાઇસ્કૂલ ખાતે દેશભક્તિ માહોલ સર્જાયો : અનેરો ઉત્સાહ છવાયો

અમરેલી,

વંડા પીપીએસ હાઇસ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન થયેલ.શ્રી મામલતદાર કચેરી સા.કુંડલા દ્વારા ૧૫મી ઓગષ્ટના તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની વંડા હાઇસ્કુલમાં ઉજવણી કરવામાં સાવેલ જેમાં અ.જિ. સાંસદ નારણભાઇ કાછડીયા,ધારાસભ્ય શ્રીવી વઘાસીયા - સાકું..,ડે.કલેકટર શ્રી એસ.ટી.રાવત,મામલતદારશ્રી ઝાલા ના.મા.શ્રી જે.પી.હીરપરા,ઘેલાણી અન્ય અધિકારી ગણ,પો. ઇન્સ.વાઘેલા સાહેબ વંડા,ન.પ્રમુખ ડી.કે.પટેલ તેમજ સંરપનચ,શાળાના ટ્રસ્ટીગણ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.પ્રાંત અધિકારીશ્રીના હસ્તે સવારે ૯ કલાકે ધ્વજારોહણ-રાષટ્રગાન કરી રાષ્ટ્રીય પર્વ નિમિતે શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવયો હતો.દરમિયાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યો હતા.ના.કલેકટરશ્રી,મામલતદારશ્રી તેમજ વાઘેલા પો.ઇન્સ..શ્રી ના વરદ હસ્તે તબીબી-ગ્રામ્ય રોજગારી ઉત્થાન-કદિરતી આફતોમાં નિસ્વાથભાવે માનવસેવા બદલ ડો,મગનભાઇ સોહાગીયા,પ્યારભાઇ હાલાણી,મુસાભાઇ પઠાણને એવોડ્રથી નવાજવામાં આવ્યા હતા.પી.ટી. શિક્ષક ડી.પી. અને કે.એમ.ભટ્ટ ના માર્ગદર્શનમાં તૈયાર થયેલ રાષ્ટ્રીય કક્ષા સુધી ભાગ લીધેલ ખેલાડીઓને મહાનુભાવોના હસફતે સન્માનિત કરવામાં આવ્યા હતા.વંડા શાળાના આચાર્ય એલ.વી. પંડયાએ ઉપસ્થિત તમામ લોકો વતી એઇમ્સ રાજકોટને મળે તેવા ઠરાવ ડે.કલેકટરશ્રીને સોંપ્યો હતો.દરમિયાન સાંસદશ્રી એ ગ્રાન્ટમાંથી ૬લાખ શાળાની કોમ્પ્યુ.લેબના વિકાસ માટે તથા ધારા સભ્યશ્રીએ ગ્રાન્ટમાંથી શાળા વિકાસ માષ્ટે ૨ લાખની રકમની જાહેરાત કરી હતી.એન.એસ.એસ. ને ઇકો કલબ દ્વારા આ દિવસે યોજેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણનું કરવામાં આવ્યુ હતુ.કાર્યક્રમનું સંચાલન પી.એન.વ્યાસે કર્યુ હતુ.અંતે શ્રી પ્રવીણાબેન ાલારી એ સહુનો આભાર વ્યકત કર્યો હતો.આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે શ્રી ડી.પી. તથા શાળાના તમામ કર્મચારી ગણે ખુબ ઉત્સાહપુર્વક ફરજ બજાવી હતી.

બાબરામાં પીએસઆઇ શ્રી રાવ દ્વારા લોકદરબાર યોજાયો

વેપારી આગેવાનો, પાલિકાનાં સભ્યો, ચેમ્બરના હોદ્દેદારો, આગેવાનોએ વિવિધ પ્રશ્નો રજુ કર્યા

બાબરા,બાબરા પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ ડીકે રાવે લોકદરબાર યોજેલ હતો. જેમાં બાબરા શહેરનાં વેપારી આગેવાનો, પાલિકાના સભ્યો, ચેમ્બરનાં હોદ્દેદારો, વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ લોકદરબારમાં ગામનાં નડતર રૂપ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જીઆઇબી રેઢિયાર ઢોર, ટ્રાફિક પ્રશ્ન તેમજ હાઇવે રોડ પર સ્પીડ બ્રેકર મુકવા, પાલિકા દ્વારા ગામની ગંદકી દૂર કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ કોઇપણ ગુનાહિત પ્રવૃતિઓ ચાલતી હોય તો પોલીસને જાણ કરવા જણાવેલ આ પ્રસંગે વેપારી આગેવાન પ્રમોદભાઇ રૂપારેલીયા, પ્રવીણભાઇ ચાંવ, બીપીનભાઇ રાદડીયા, મુનાભાઇ જસાણી, લલીતભાઇ આંબલીયા, અલતાબભાઇ નથવાણી, મનોજભાઇ કનૈયા, રાજુભાઇ બસીયા, પ્રતાપભાઇ ખાચર, હસનભાઇ, નિતીનભાઇ, પંકજભાઇ, મહેશભાઇ પરવાડીયા સહિત આગેવાનો, પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાનું દિપક કનૈયાની યાદીમાં જણાવેલ છે.

જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રમાં નેચરલ હિસ્ટ્રી ડેમોકસ્ટ્રશન કાર્યક્રમ યોજાયો

વિજ્ઞાન સફર કાર્યક્રમ અંતર્ગત ઈગોરાળા શાળામાં વિદ્યાર્થીઓએ લાભલીધો

અમરેલી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) , ગાંધીનગર ધ્વારા પ્રરિત ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સેન્ટર ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન , અમરેલી ધ્વારા તા ૯/૦૮૯/૨૦૧૪ વિજ્ઞાન સફર કાર્યકમ ઈગોરાળા પ્રા. શાળા ખાતે તથા તા. ૨૫/૮/૨૦૧૪ ના રોજ નેરચલ હિસ્ટ્રીક ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમ ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અમરેલી ખાતે કુલ ૮૫ લાભાર્થીઓને લાભાન્વીત કર્યા વિજ્ઞાન સફર કાર્યક્રમ અંતર્ગત એક નવીનતાસભર કાર્યક્રમ યોજવામ આવેલ હતો. જેમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં જોવા મળતી જૈવિક,, રસાણીક ,ભૌતિકક્રિયાઓનું કુદરતી જ્ઞાન ,વિજ્ઞાન ના ભૌતિક સાધનોની મદદથી આ પ્રક્રિયાઓ કુદરતમાં કઇ રીતે આકાર લે છે તેની સમજણ આપતું કે જવાબરૂપે નિષ્ણાંત શ્રી જીજ્ઞેશ રહયાણી , વનરાજભાઇ વાઘેલા અને સી.એસ.સી. ટીમ ધ્વારા રૂબરૂ નિર્દશન કરી, વિદ્યાર્થીઓ જાણ ,જુએ અને જાતે પ્રયોગ કરી, અનુભવ કરે તેવા ઉમદા હેતુ થી યોજાએલા આ કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓના ચહેરા પર સંતોષનો સ્વાદ જોવા મળેલ.

જયારે નેચરલ હિસ્ટ્રી ડેમોન્સ્ટ્રેશન કાર્યકમમાં ચિલ્ડ્રન્સ મ્યુઝિયમના પ્રકૃતિ વિજ્ઞાન વિભાગમાં જૈવ વિવિધતાઓના સંદર્ભમાં તેમના શરીરના કદ, આકાર, ઉડવાનીપધ્ધતિ ,કુદરતી નિવાસ્થાન, ખોરાક અને સંરક્ષણ માટે તેમના અંગોમાં થયેલા ફેરફારો અને અનુકુલન જેવી મહત્વની બાબતોને આવરી લઈને એક વિષદ જાણકારી પ્રોફે.ડોડીઆ ધ્વારા આપતા જણાવાયુ હતુ કે ,આ વૈવિધ્યતાના કારણે ગીર ફોરેસ્ટ ના પશુઓ અને પ્રાણીઓમા તેમના જીવનનું અસ્થિત્વ જળવાય રહે. તેમા પ્રજજનની જાળવી, પોતાનું જાતિય અસ્તિતવ વર્ષોથી જાળવી અને ટકી રહયાં છે આવીજ ઘટના સમગ્ર પૃથ્વિ પર સજીવોની વૈવિધ્યતામાં પણ જોવા મળે છે.

સંસ્થાના ચેરમેનશ્રી જવાહરભાઘઇ મહેતા ,કો- ચેરમેનશ્રી ડો. જસાણી સા., વાઇસ ચેરમેનશ્રી ધનશ્યામભાઇ પરીખ ,નિયામકશ્રી હિરાલાલ શાહ, મંત્રીશ્રી કિશોરભાઇ મહેતા ,મંત્રીશ્રી મનિકભાઇ દવે. સલાહકારશ્રી જયંતિભાઇ રાવળ ,સલાહાકારશ્રી બાલાભાઇ માંજરીયા ધ્વારા કાર્યક્રમને વેગ આપવા માર્ગદર્શન પુરૂ પાડવામા આવેલ

એડી. ડાયરેકટરશ્રી નિલેશ કે. પાઠક, પ્રોફે.ડોડીઆ ,ડો. ગોંડલીયા ,ડો.નિષાંત જોષી .શ્રી પંકજ એલ. લશ્કરી શ્રી અરૂણભાઇ પાનસુરીયા શ્રી ચેતન પાઠક, શ્રી દર્શન ,શ્રી કાજબેન પાથર , કાર્યકમને સફળતા પ્રદાન કરવા જહેમત ઉઠાવવામાં આવેલ છે તેમ નિલેશ પાઠકે જણાવ્યું છે.

સાવરકુંડલાના વંડા ગામે છાસ કેન્દ્ર દ્વારા શોકાંજલી સાથે વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા

વંડા ગામનાં ૧૦૦ ઉપરાંતનાં ગરીબોને રૂા.૩૦૦ની કિંમતનાં ગરવાનું વિતરણ : ઘૂમટા પ્રથાને તીલાંજલી : નવતર આયોજન

વંડા,સાવરકુંડલાના વંડા ગામે છાસ કેન્દ્ર શરૂ કરી અંજલી સાથે વિશિષ્ટ કાર્યક્રમ યોજી નવતર ચીલો પાડયો છે.

સાવરકુંડલા તાલુકાના વંડા ગામોના સઘનક્ષેત્ર યોજના ખાદી સંસ્થાના મંત્રીશ્રી પ્યારભાઇ હાલાણીના ધર્મપત્નિ સ્વશ્રી કુસુમબેન હાલાણી કે જેઓ વંડા ગામે વર્ષોર સુધી શિક્ષિકા તરીકેની સેવા બજાવી ચુકયા છે.તેમના સમરણાર્થે એક સુંદર છાશ કેન્દ્રનું આયોજન આ ખાદી સંસ્થાના સંચાલક શ્રી પ્યારભાઇ હાલાણી દવારા કરવામાં આવ્યું.આ છાશ કેન્દ્ર તા.૧-૭-૧૪થીતા.૧-૮-૧૪ એટલે કે ૧ મહીના સુધી ચાલુ રાખવામાં આવ્યુ હતું. વંડા ગામના ૧૪૬ જરૂરીયાત મંદ તથા ગરીબ કુંટુબના પરીવારજનો એ આ છાશ કેન્દ્ર નો લાભ લીધેલ.જેની જનસંખ્યા ૪૯૪ સુધી થવા જાય છે.આ છાશ એટલે કે દુધ મેળવીને વલોવી તૈયાર કરવામાં આવતી.(અહી દુધના પાવડરનો ઉપયોગ કરવામાં આવતો નહોતો.)આમ વંડા ગામે શરૂ કરવામા આવેલ.આ છાશ કેન્દ્રનો ગામના જરૂરીયાતમંદ તથા ગરીબ કુંટુબીજનો એ બહોળા પ્રમાણમાં લાભ લીધેલ હતો.

આ સાથે બહાર ગામના સહિત ગામના ગરી તથા જરૂરીયાતમંદ કુટુબીજનોને રોટલા રોટલી રાખવા માટેના ગરવા રૂ.૩૦ આસપાસની કિંમતના આપવામાં આવેલ .ગામડામાં રોટલા રોટલી બધીવાર સામાન્ય માણસોમાં બરોબર સચવાઇને ઓછા મુકાય છે.આ એક જરૂરી વાત ગણી શકાય એ દ્રષ્ટિએ સાથે આ કુટુંબીજનો પાસેથી થોડીક બીજી અપેક્ષાઓ પણ રાખવામાં આવેલી :જેમ કે,(૧)ગામના બહેનો ધુમટા કાઠયા વગર છાશ લેવા આવે.

(૨)જનમાષ્ટમીના તહેવારોમાં પોતાના પરિવાર તથા ઘરમાં જુગાર ન રમાય તે જોવુ. આ બન્ને અપેક્ષાઓનું એમાય જુગારનુ તો લગ્ભગ ૧ ટકા જેટલુ પાલન થયુ જણાયુ.જાણે કે વંડા ગામમાં જુગાર રમાવાનુ મહદ અંશે દુર થયુ! અને ગામમાં તથા આજુબાજુના ગામમાં દારૂ બનાવવો,દારૂ પીવો વગેરે દુષણો દુર કરવા બહેનો મારફત એક કાર્યક્રમ ઘડવામાં આવ્યો.તે દવારા દારૂનુ દુષણ કઇ રીતે દુર કરી શકાય તે માટેના પ્રયાસો કરવામાં આવેલા.અને આ આખા કાર્યક્રમની ફળશ્રૃતિ એ રહી હતી કે વંડામાં મુહલાઓનું સંગઠન બનવાની શકયતાઓ જણાઇ.જે હવે આકાર લેશે.જે મહિલાઓના ઉત્કર્ષ માટેની કામગીરી કે જેમાં તેઓના પ્રશ્નોનો સરળતાપુર્વક ઉકેલ લાવી શકાય.

અને છેલ્લે સ્વ.શ્રી કુસુમબેન હાલાણીના સુપુત્ર શ્રી બટુકભાઇ હાલાણી તથા પુત્રવધુ અનિષાબેન હાલાણી તથા તેમના સગા-સંબધીઓના વરદ હસ્તે સૌ કુટુંબીજનોની બહેનોને ગરવાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.આ ઉમદા હેતુને અનુલક્ષીને વંડા અને સીધા સપર્કનાં ગામોની લાગણી સાથે સવ.કુસુમબેનના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી લાગણી ઉદભવવા પામી હતી.તેમ એડવોકેટ હરેશ બાંભલીયાએ જણાવ્યુ છે.

રાજકોટ મોદી સ્કૂલનું ગૌરવ

રાજકોટ,મોદી સ્કુલનાં વિધાથીની છૈયા કવિતાની બાલશ્રી એવોર્ડ વર્ષ ૨૦૧૨ માટે પસંદગી થતા સમગ્ર પરીવારમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઇ હતી.૯થી ૧૬ વર્ષના બાળકોના વિભાગમાં,ક્રિએટીવ રાઇટીંગ વિભાગમાં છૈયા કવિતા પારિતોષીક વિજેતા બન્યા હતા.કવિતા અત્યારે અદાણી કોલેજ ભુજ ખાતે એમબીબીએસ માં અભ્યાસ કરે છે.બાલશ્રી એવોર્ડ માટેની પુર્વ તૈયારી માટે તેમના શિક્ષક પિતા,મોદી, સ્કુલનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મોદી સર તથા રાજકોટ બાલભવન તરફથી તેમને પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

રાષ્ટ્રપતિનાં વરદ હસ્તે બાલશ્રી એવોર્ડ મેળવી આ જવલંત સફળતા બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડો. આર. પી.મોદી, આચાર્યશ્રી વિમલભાઇ કગથરા તેમજ સમગ્ર મોદી સ્કુલ પરીવારે તથા છૈયા પરીવારે તેમના ઉજવળ ભજવષ્યની કામના કરે છે અને શ્રેષ્ઠ તબીબ બનીને સમાજસેવા કરે તેવા આર્શીવાદ આપે છે.

બગસરા મેઘાણી હાઇસ્કૂલમાં જન્મ જયંતિ ઉજવાઇ

બગસરા માં આવેલ રા.શા ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ દ્વારા રા.શા. ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવેલ જેમા પ્રીન્સસીપાલ શેખવાની આગેવાનીમાં વિદ્યાર્થી ઓ દ્વારા લોક સાહિતયાઅને વિદ્યાર્થીનીઓ દારા મેઘાણી જીના રચાયેલા લોકગીતોનું ગાયન તેમજ પઠન કરી ભાવભેર જન્મ જયંતિની ઉજવણી કરેલ.

અમેરિકામાં એસજીવીપી ગુરૂકુલ દ્વારા સત્સંગ સાધના શિબિર

અમદાવાદ,યુજસી તા. એસજીવીપી ગુરૂકુલ પરિવાર યુએસએ દ્વારા તા. ૨૧ થી ૨૪ ઓગસ્ટ દરમ્યાન સ્વામીશ્રી માધવપ્રિયદાજીના સાનિધ્યમાં પોકોનો, ખાતે શ્રી બિરેનભાઇ સરધારાના સમર વેકેશન કોમમાં સત્સંગ સાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિશ્વવિદ્યાલય પ્રતિષ્ઠાનમ્ છારોડી એસજીવીપીના અધ્યક્ષ શા. માધવપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે સાથેના સંત મંડળ દ્વારા ભકિત સભર વાતાવરણમાં આ સત્સંગ શિબિરમાં ભજન કિર્તન, ધ્યાન, પુરષોતમપ્રકાશ ગ્રન્થની કથાવાર્તા વગેરે આયોજનો કરવાકમાં આવ્યા હતા.આ શિબિરમાં શિબિરાર્થીઓને માર્ગદર્શન આપતા સ્વામીશ્રીએ જણાવ્યું હતુંકે '' અહંકાર માણસનો મોટો શત્રુ છે. માણસને મોત નહીં પણ અહંકાર મારી નાખે છે મોત તો મરેલાને મારે છે, જયારે અહંકાર જીવતાને મારે છે. અહંકાર માત્ર સંતા અને સંપતિનો નથી હોતો, પ્રસંશામાંથી અહંકાર પેદા થાય છે. માટે સાધકોએ સાવધાન રહેવું જોઇએ. અહંકાર ધાર્મિકતાનો પણ હોય છે , અહંકાર જ્ઞાનનો પણ હોય છે, અહંકાર ત્યાગ વૈરાગ્યનો પણ હોય છે. અહંકાર બહુરુપીયો છે. એ અનેક જાતના વેશ ધારણ કરે છે અને સાધકને છેતરે છે.''શિબિરમાં દિવસના પ્રારંભમાં પૂજય વેદાન્તસ્વરુપ સ્વામી દારા યોગાસનો કરાવવામાં આતા હતા. ત્યારબાદ મહારાજની મૂર્તિનુંધ્યાન શીખવાડવામાં આવતું હતું. ભકતવત્સલદાજી સ્વામીએ વચનવિધિ ગ્રન્થ ઉપર કથા વાર્તા કરી હતી.આ શિબિરમાં અમરિકા અને કેનેડાના હરિભકતોએ ભાગ લીધો હતો. શિબિરના બીજા દિવસે વૈષ્ણવાચાર્ય શ્રી ગોવર્ધનેશજી મહારાજે વૈષ્ણ સંપ્રદાય ઉપર મનનીય પ્રવચન કરી આશીર્વાદ આપ્યા હતા.શિબિરના ત્રીજા દિવસે અમરેલીના સાંખ્યયોગી શ્રી લીલાબેન તથા સાથે ના સાં.યો. બહેનોમાં શ્રી વસંતબેન રેખાબેન નાના મોટા, શીતલબેન,માયાબેન, વગેરે બેનોએ પણ બેનોની સભામાં પ્રેરક કથા વાર્તા કરી હતી.આ શિબિરમાં ન્યુજર્સી, ન્યુયોર્ક ,અટલાન્ટા ,શાલોટ ,રાલે, ડેકન ,ટોરન્ટો ઉપરાંત કેનેડાથી હરિભકતોએ લાભ લીધો હતો. જેમાં સુપ્રસિદ્ધ ન્યુરોલોજીસ્ટ ડો. વિજયભાઇ ધડુક (ચેરમેન, શ્રી ધર્મજીવન મિશન ટ્રસ્ટ, યુએસએ) તથા સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ ન્યુ જર્સીના પ્રમુખ શ્રી જયભાઇ ધડુકે (ટ્રસ્ટી, શ્રી ધર્મજીવન મિશન ટ્રસ્ટ ,યુએસએ) પણ પ્રાસંગિક પ્રેરણાદાયક પ્રવચન કર્યુ હતું સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજના ટ્રસ્ટી શ્રી વિરજીભાઇ પાઘડાળે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.આ શિબિર સાધકો માટે ખરેખર ઘણીજ ઉપયોગી હતી. પૂજય શ્રી ભકતપ્રિયદાસજી સ્વામી અને શ્રી લક્ષ્મનભાઇ કોટડીયાનાચ માર્ગદર્શન નીચે સ્વંયસેવકોએ શિબિરાર્થીઓ માટે ભોજનની વ્યાવસ્થા કરી હતી આ શિબિરમાં બહેનોએ શ્રદ્ધા અને ભકિતભાવથી ખૂબ જસેવાઓ કરી હતી .સ્વામીજીએ સૌને આભાર વ્યકત કર્યા હતો.આગામી બીજી સત્સંગ સાધના શિબિર તા ૨૯ થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન રીચમંડ ખાતે રાખવામાં આવી છે. તો આ શિબિરમાં લાભ લેવા સૌને હાર્દિક નિમંત્રણ છે. તે માટે પૂ. વેદાન્ત સ્વામી (૯૧૨-૬૫૫-૦૦૯૬) ,શ્રી રાજેશંભાઇ લાખાણી (૭૫૭-૨૮૮-૬૯૮૯ શ્રી વીરજીભાઇ પાઘડાળ (૯૭૩-૬૦૦-૩૫૧૦) તથા શ્રીગિરીશભાઇ પાઘડાળ (૨૦૧-૭૫૭-૭૫૨૬) નો સંપર્ક કરવા વિનંતી.

AVADH TIMES DAILY
सत्यमेव जयते
અવધ ટાઇમ્સ
તા.૩૦-૮-૨૦૧૪ શનિવાર

સાંઇબાબાનો વિવાદ હવે ફરી અખાડા ને ધર્મસંસદમાં પહોંચ્યો

સાંઇબાબાનો વિવાદ ફરી આગળ વધ્યો છે આખી જિંદગી બહુ જ સન્માનપાત્ર રહેલા સ્વરૂપાનંદ સરસ્વતી જે દ્વારિકાપીઠના શંકરાચાર્ય પદ ઉપર બિરાજે છે તેમણે કોઇ કારણ વિના આ નવું લાકડું પકડીને એને સળગાવ્યું છે અને એ સળગતું લાકડું સસવે હિન્દુ અખાડાઓ અને ધર્મસભાઓમાં પહોંચીને ધૂમાડો કરવા લાગ્યું છે ટેલિવિઝન ચેનલો કે જેને ઉતેજક સમાચારની હાડોહાડ ભૂખ છે એણે વળી આ લાકડા પર તેલ રેડયું છે

વાતાવરણમાં અકારણ ફરી ગરમી આવી ગઇ છે શંકરાચાર્ય જેવા મહાપુરુષે પ્રથમ તો એ વાત સમજવાની જરૂર છે કે હિન્દુસ્તાનમાં કોઇ પણ પથ્થરનેય પૂજવાનની મુક્તિ સંસ્કૃતિએ આપેલી છે ત્યાં સાંઇબાબા જેવા એક સત્પુરુષની અવગણના કરવાની કાંઇ જરૂર નથી આવા બાવાઓને બોલાતા બંધ નહિ કરવામાં આવે તો કાલ સવારે એ આપડા જલારામ બાપા સામે પણ બોલવા લાગશે

શંકરાચાર્યનો મુખ્ય મુદો એ છે કે સાંઇબાબા એક સામાન્ય મનુષ્ય હતા પણ ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યાવતારનું પૂજન તો કેન્દ્રમાં છે રામ અને કૃષ્ણ બંન્ને મનુષ્યાવતાર જ છે અને તેમના વિશેના વિશેના મુખ્ય ગ્રંથો તેમના સમકાલીનોએ જ લખેલા છે વેદવ્યાસે કૃષ્ણ સાથે અનેકવાર કામ પાડયું હતું અને તેમણે મહાભારત અને શ્રીમદ ભાગવત લખ્યા એ જ રીતે વાલ્મીકિએ તો ખુદ સીતાજીને અને પછી લવકુશને પોતાના આશ્રમમાં રાખ્યા હતા

શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતી આટલા બધા વરસોથી સૌરાષ્ટ્રમાં રહે છે છતાં તેઓ એ ન સમજી શકયા કે દેશમાં તો ઠીક પણ આખા સૌરાષ્ટ્રમાં દેવો કરતાં મનુષ્યો વધુ પૂજાય છે આપાગીગા બાપા સીતારામ બજરંગદાસ બાપુ દાનબાપુ ભોજલરામ (આ નામ જો કે લેઉવા પટેલોએ આપેલું છે એમનું ઓરિજિનલ નામ ભોજા ભગત હતું ભોજા ભેત તરીકે જ તેઓ ઓળખાતા હતા પણ પટેલો બહુ ભણ્યા એટલે રવજીનું રાજેશ અને મગનનું મનીષ કર્યુ તેમ આપડા મહાન ભક્તરાજ ભોજા ભગતના નામનેય ભોજલરામ કરી દીધું ભોજા ભગતના ચાળખાઓ કહેવાતી કવિતાઓમાં કયાંય ભોજલરામ શબ્દ નથી.) અને આપડા પરબ વાવડીના સત દેવીદાસને અમરદેવીદાસ બધાય મનુષ્યો જ છે સતાધાર અને બગદાણામાં દરરોજ હિલ્લોખાતો લોકસાગર કદાચ સ્વરૂપાનંદ સરસ્વતીએ જોયો નહિ હોય તેઓએ સાંઇબાબા વિશે વિવાદાસ્પય નિવેદનો ચાલુ કરતા પહેલા શીરડી જઇને બે-ચાર દિવસ નજરો નજર લોકશ્રધ્ધાના પ્રવાહને જોવાની જરૂર હતી બોચારણવાસી અક્ષર પુરુષોત્રમ મંદિરોમાં તો અત્યારથી જ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ મૂકી દેવામાં આવેલી છે અને ભગવાન સ્વામિનારાયણ ની સાથે સવાર સાંજ પ્રમુખસ્વામીની મૂર્તિને પણ ધૂપદિપ થાય છે જે એ તરફ શંકરાચાર્ય ધ્યાન જાય તો તેઓ શું કહેશે?

છેલ્લા પચાસ વરસમાં હિન્દુ ધર્મની સૌથી મોટી સેવા સ્વામિનારાયણ સપ્રદાયે કરી છે

સાંઇબાબાની ભક્તિ અને ઉપાસના હવે અટકાવી શકાય તેમ જ નથી તે લોકોના હદયમાં અવિચાર છે સાંઇબાબાના ભક્તતોનો એક ચોક્કસ પ્રકારનો વર્ગ છે કેટલાક એવા પણ લોકો છે જે ફૂલ ટાઇમ હિન્દુ દેવતાઓને માને છે પણ પાર્ટ ટાઇમ સાંઇબાબાને માને છે

લોકોની ધર્મની દુનિયા સાવ નિરાળી છે એમાં કોઇએ હસાક્ષેપ કરવાની જરૂર ન હોય દેશ પહોંચાવી ન જોઇએ સાંઇબાબા એક ફકીરી જીવન જીવતા હતા અને ગરીબોના બેલી જેવા પરોપકારી હતા શંકરાચાર્ય કહે છે કે સાંઇમંદિરોમાં બહુ પૈસા છે પણ એ તો સનાતન સત્ય છે કે ધર્મ સ્થળો કદી નિર્ધન હોતા નથી પ્રજા જ એને નિભાવે છે અને વિકસાવે છે ટેલિવિઝન ચેનલો આજકાલ કુતરા - બિલાડાની નવી રમત શીખી છે એક હારે ચાર -પાંચ બોલકા ચહેરાઓ સામે કેમેરા ગોઠવીને એમને સામસામે બધાવીને લોકોને ખરજવાની ખંજવાળ જેવું સુખ આપે છે લોકોને આજકાલ શંકરાચાર્ય અને સાંઇબાબાનું નવું મનોરંજક પ્રકરણ હાથ લાગ્યું હોય એવો ઉત્સાહ એન્કરોમાં દેખાય છે

ખરેખર આ પ્રકારના વિવાદો આપણા દેશની એક અબૌધિક કરૂણતાના નાદર નપૂનાઓ છે અસતુ

ચલાલાની વિધવા નિરાધાર બહેનો અનાથ બાળકોનો યાત્રા પ્રવાસ યોજાયો

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટનું આયોજન : વિવિધ સ્થળોનો યાત્રા પ્રવાસ કરાવી ધન્યતા અનુભવતા આયોજકો

ચલાલા,

ચલાલાની વિધવા નિરાધાર બહેનો અનાથ બાળકોનો યાત્રા પ્રવાસ યોજાયો હતો.

ચલાલા માનવ સેવાની અખંડ જયોતિ જગાવતી ચલાલાની યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ દ્વારા વિવિધ આરોગ્યલક્ષી કેમ્પો વિકલાગો માટે ના સહાય કેમ્પો અને આધ્યાત્મિક કાર્યો તો થાય જ છે.પરતુ આ સાથે તાજેતરમાં એક નવીનતમ કાયરક્રમ યોજાય ગયા જેમાં ચલાલાની ૭૦ વિધવા અને નિરાધાર બહેનો તથા સંસ્થામાં રહેતા અનાથ બાળકોનો યાત્રા પ્રવકસ યોજાયો હતો.

આ યાત્રા પ્રવાસ ચલાલા ગાયત્રી મંદિરથી (૧)ખોડીયાર ડેમ (૨)તુલસીશ્યામ(૩)ગુપ્તપ્રયાગ(૪)પ્રાચી પીપળો(૪)સોમનાથ

આ સંસ્થાના મોભીશ્રી રતિદાદા એ જણાવ્યુ હતુ કે દરેક વિધવા બહેનોએ ધાર્મિકતાનો ઉત્સવ આનંદથી ઉજવ્યો જેનાથી અમે ધન્યતા અનુભવીએ છીએ.

વિધવા બહેનોએ તેમના પ્રત્યુતરમાં સંસ્થાનો આભાર વ્યકત કરતા જણાવ્યુ હતુ કે આવા સમાજના નાનપ અનુભવતા અને બેસહારાઓને આ પુણ્ય કાર્યોનો લાભ અપાવી સાચા અર્થમાં સેવાનું કાર્ય કર્યુ છે આ કાર્યથી બધા ખુશ થયા હતા અને અંતરના આર્શિવાદ આપ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના વડાશ્રી રતિદાદા,મહેશભાઇ મહેતા,મેહુલભાઇ રમણીકભાઇ ગઢીયા,મહિલા શાખાના પ્રમુખશ્રી મંજુલાબેન મહેતા,શિતલબેને ખુબ જ જહેમત ઉઠાવી હતી.

અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી મળી

જિલ્લા સંઘના પ્રમુખપદે શ્રી પ્રવિણભાઇ વસરાની વરણી



અમરેલી

અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી બેઠક તા. ૨૪ નાં ૨૫જ શિક્ષક ભવન અમરેલી ખાતે મળી હતી આ બેઠકમાં જિલ્લા શિક્ષા સંઘના પ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઇ કે. બગસરી સવોનુ મતે વરણી કરવામાં આવી હતી શ્રી પ્રવિણભાઇ વસરા છેલ્લા ઘણા સમયથી શિક્ષાોને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે કાર્યરત રહે શિક્ષકોના પ્રશ્નોનો ત્યા ત્વરીત નિકાલ કરે છે,કારોબારી બેઠકમાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા આઇ.પી.ચારડ. શિક્ષક મયુરભાઇ દવે પૂર્વ પ્રમુખ નીતીનભાઇ બોરાણેયા નુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ તેમ કાર્યલય મંત્રી પરેશ રાઠોડની યાદી માં જણાવયું છે

અમરેલી આઇ .ટી. આઇ પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી,ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલી ની યાદીમાં જાણ કરવામાં આવે છે કે જીલ્લાની તમામ આઇ.ટી.આઇ. ખાતે પ્રવેશ -૨૦૧૪ માટે ત્રીજા તબકકાને અંતે ખાલી રહેલ બેઠકો ભરવાની થાય છે આ માટે ઉમેદવારોએ જે તે સંસ્થાનો રૂબરૂ સંપર્ક તા. ૩૦/૮/ ૨૦૧૪ સુધીમાં કરવો તેમજ તા. ૩૧/ ૮/૨૦૧૪ , રવિવાર જાહેર રજાના દિવસે તે અંગેની પ્રવેશ પ્રક્રિયા થનાર છે. પ્રવેશ માટે વહેલા તે પહેલાના ધોરણે મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. તથા જરુરી ફી સાથે લાવવાની રહેશે. ખાલી રહેલ બેઠકોની વિગત જે તે સંસ્થા ખાતે થી મળી રહેશે.

સુરતમાં આવેલ વિશ્વનું એકમાત્ર અલૌકિક અદભૂત ૧૭૫૧ કિલો નું શ્રી પારદ શિવલીંગ

